નિકાલ હેઠળના મકાનોના સ્થાને બે થી વધુ મજલાના આવાસ બનશે

એક બ્લોકમાં વધુ યુનિટ સમાવી લેવા વિચારણા

ગાંધીનગર, તા.૪

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. જયારે નિકાલ હેઠળના ૧૬૦૦ જેટલા મકાનો તોડી તે જગ્યાએ બે થી વધુ મજલાના નવા આવાસના બ્લોક બાંધવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જૂની પેટર્ન મુજબ આવાસ બાંધવામાં નહીં આવે.

શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ આવાસો પૈકી વર્ષ ૨૦૦૫ દરમિયાન ૧૯૦૪ જેટલા મકાનો અત્યંત ખંડેર અને ભયજનક હાલતમાં હોવાનું ધ્યાને આવતા

● અનુસંધાન પાન-૭ પર

પ્રાર્થના સભા / બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી **લલિતાબેન મનજીભાઈ શર્મા** તા. ૪/૬/૨૦૧૩ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતની પ્રાર્થનાસભા / બેસણું તા. ૬/૬/૨૦૧૩ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ૧૬, સ્વસ્તિક સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન, સેક્ટર-૨૧, ગાંધીનગર

લી.

લીલાવતીબેન દેવજીભાઈ કુછડીયા (પુત્રી)	કાન્તિલાલ મનજીભાઈ શર્મા
	પ્રવિણભાઈ મનજીભાઈ શર્મા
અરૂણાબેન રામજીભા ટુકડીયા (પુત્રી)	ગિરીશભાઈ મનજીભાઈ શર્મા
	ધર્મેન્દ્ર (ભરત) મનજીભાઈ શર્મા (યુ.એસ.એ.)

તથા શર્મા પરિવાર

ગાંધીનગર શહેરમાં ૧.૭૩ લાખ લીમડાના વૃક્ષો છે

પ્રતિ હેકટર ૧૬૩ વૃક્ષોની વનરાજી ગરમાળાના ૮૫ હજાર અને આમળાના ૧૬ હજાર વૃક્ષો

ગાંધીનગર, તા.૪

એક તરફ ગ્રીનસીટી બેરનસીટી બનવા તરફ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે ત્યારે હાઈટેક વિકાસની લ્હાયમાં વૃક્ષોનું નિકંદન વળતું હોવાનો રોષ પણ ચરમસીમાએ છે. શહેરમાં પ્રતિ હેકટર અંદાજિત ૧૬૩ વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે. ગત વર્ષની વૃક્ષ ગણતરી અન્વયે શહેરમાં વક્ષોની સંખ્યા ૮.૯૦ લાખ જેટલી છે. જયારે આ પૈકી લીમડાના વૃક્ષોની સંખ્યા વિશેષ છે. શહેરમાં માત્ર લીમડાના વૃક્ષોની સંખ્યા જ ૧.૭૩ લાખ જેટલી છે.

વિકાસના અનેકવિધ કામો વચ્ચે વૃક્ષછેદનની પ્રવૃત્તિ પણ વધતા નગરની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. એક જમાનામાં ગ્રીનસીટની ઓળખનો વૈભવ ધરાવતું ગાંધીનગર હરિયાળા શહેરની યાદીમાં પાછળના ક્રમે ધકેલાઈ ગયું છે. સમયાંતરે નગરના પ્રકૃતિપ્રેમીઓએ પણ આ મામલે ઘેરી ચિંતા વ્યકત કરી છે. પરંતુ વૃક્ષોના રોપાઓનું વાવેતર અને ત્યારબાદ જાળવણીના મમલે હજુ પણ જનજાગૃતિ કેળવવાની અનિવાર્યતા છે. હરિયાળા શહેરની ઓળખમાં શહેર હાંસિયામાં ધકેલાઈ ગયું હોવાનો

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ૬.૮૯ લાખ રોપાઓનું વાવેતર કરાશે

આજે વિશ્વ પર્યાવરણ દિનના રોજ હેપ્પી ટ્રી પ્લાન્ટેશનની શરૂઆત થશે : સે. ૨૧માં પપેટ શૉ નું પણ આયોજન

ગાંધીનગર, તા. ૪

આજે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ. પર્યાવરણ દિન નિમિત્તે વનતંત્ર દ્વારા જિલ્લાના ૧૧૮૦ હેક્ટર વિસ્તારમાં ૬.૮૯ લાખ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા શુભારંભ કરવામાં આવશે. શહેરના પ્રવેશદ્વાર નજીક ઘ-૦ પાસે રોપાઓનું વાવેતર કરી હેપ્પી ટ્રીપ્લાન્ટેશનના અભિયાનની શરૂઆત કરવામાં આવશે. જ્યારે વાવણીલાયક વરસાદ બાદ આ અભિયાનને વેગ આપવામાં આવશે.

ગ્લોબલ વોર્મિંગની વકરતી સમસ્યાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધુ છે. ત્યારે પર્યાવરણ બચાવો'નો અભિગમ અસરકારક બનાવવા લોકજાગૃતિ અનિવાર્ય થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. દિનપ્રતિદિન વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધતા પ્રકૃતિ સામે ખતરો મંડરાયો છે. જ્યારે એક જમાનામાં ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતું શહેર હવે બેરનસીટી બનવા તરફ હોવાનો આક્રોશ પણ પર્યાવરણપ્રેમીઓ ઠાલવી રહ્યા છે. હાઈટેક વિકાસના નામે શહેરમાં અત્યાર સુધી હજારો વૃક્ષોનું નિકંદન વળી ગયું છે. પરંતુ વન વિભાગ વૃક્ષોની વનરાજીનો વ્યાપ વધારવા ઉત્સુક છે. તા. ૫ જૂનના રોજ વનતંત્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અન્વયે હેપ્પી ટ્રી પ્લાન્ટેશનના અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે. ડી.એફ.ઓ. ભાવિન વ્યાસે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી ચોમાસા દરમિયાન જિલ્લાના ૧૧૮૦ હેક્ટર વિસ્તારમાં ૬.૮૯ લાખ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. છેલ્લા ૫ વર્ષથઈ આ અભિયાનની શરૂઆત વિશ્વ પર્યાવરણ દિનના રોજ કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે પણ આ દિવસે વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવશે જે અન્વયે ઘ-૦ પાસે ૨૦૦ જગ્યાએ ખાડા કરી દેવાયા છે. જેમાં રોપાઓનું વાવેતર કરવામાં આવશે. આ ઉપરાંત સે. ૮માં પણ અન્ય જગ્યાએ ખાડા કરી દેવાયા છે. આવતીકાલે રોપાઓનું વાવેતર કરી દેવાશે. આ ઉપરાંત પર્યાવરણ દિન નિમિત્તે જનજાગૃતિ ફેલાવાય તે માટે વનતંત્ર તેમજ વનશ્રી ટ્રસ્ટ દ્વારા ખાસ 'પપેટ શૉ'નું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉના વર્ષો દરમિયાન પણ નાટક, ગરબા અને નૃત્યનાટીકાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વનશ્રી ટ્રસ્ટના સહયોગથી પમી જૂનના રોજ સે. ૨૧ શોપીંગ સેન્ટરમાં સાંજે ૭ કલાકે 'પપેટ શૉ' યોજવામાં આવશે.

એક કલાક પહેલા કરાયેલ વરસાદની આગાહી સાચી ઠરી

ગાંધીનગર, તા. ૪

વન વિભાગના નિવૃત્ત કર્મચારી શ્રી રણજીતસિંહ વાઘેલાએ આજે સાંજે અખબારની કચેરી પર ફોન કરી જણાવ્યું હતું કે બે કલાકમાં વરસાદ થશે.

તેમણે તેમની આગાહીના સમર્થનમાં જણાવ્યું હતુ કે કીડી, મકોડા જેવા જીવજંતુઓની વધેલી ચહલ-પહલ આ વરસાદની આગાહી કરતા હોય છે. છેલ્લા બે દિવસથી આ જીવ-જંતુઓની ચહલ-પહલ વધી રહી છે અને આજે બપોરથી તેમાં વધુ ગતિ જોવા મળી હતી.

ગત વર્ષે પણ શ્રી વાઘેલાએ આ જીવ-જંતુઓની ચહલ-પહલને લઈ આગાહી કરી હતી જે સાચી પડી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

WANTED PRINCIPAL
Open Interview
For, Trinity English Medium
Higher Secondary School, Talod, (S.K.)
Qualification : M.A., M.Sc., M.Com., B.Ed., Experience Principal or Senior Teacher will be Preferrd and atractive salary will be given to selected condidate. Attend with Application having Full Bio Data on 6th June, 2013 at 9.30 am at A-709, Megh Malhar, Sector-11, Gandhinagar
Trustee
Trinity Educational Campus, Talod

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com